# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-8-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

## આકાશવાણી- સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*******************************************************

- અનુસૂચિત જાતિ-જનજાતિ અનામતમાં પેટા વર્ગીકરણ કરવા રાજ્ય વિધાનસભાઓને સર્વોચ્ચ અદાલતની મંજૂરી
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ સાથે મંત્રણા કરીઃ દ્વિપક્ષીય કરારો થવાની શક્યતા
- હિમાચલ પ્રદેશમાં ભુસ્ખલનની ઘટનાઓમાં 41 લોકો ગુમઃ ઉત્તરાખંડમાં છનાં મોત
- મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નીટ યુજીનું કાઉન્સેલિંગ 14 ઓગસ્ટથી શરૂ થશે
- નાણાકીય વર્ષ 2024-25 માટે અત્યારસુધી સાત કરોડથી વધુ આવકવેરા રિટર્ન દાખલ થયા
- પેરિસ ઓલિમ્પિકમાં ભારત નિશાનેબાજી, મુક્કેબાજી, હોકી અને ટેબલ ટેનિસ સહિતની રમતોમાં ભાગ લેશે

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SUPREMECOURT-SC/ST QUOTA

સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડનાં વડપણ હેઠળની સાત ન્યાયમૂર્તિઓની બનેલી બેન્ચે બહુમતી ચૂકાદામાં જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભાઓ અનુસૂચિતજાતિ અને જનજાતિઓમાં પેટા વર્ગીકરણ કરી શકે છે.

સર્વોચ્ચ અદાલતે 6 વિરુધ્ધ 1 થી આપેલા ચૂકાદામાં વર્ષ 2004નાં ઇવી ચિન્નિયાહ ચૂકાદાને રદબાતલ ઠેરવ્યો હતો.

આ ચૂકાદામાં જણાવાયું હતું કે, શિક્ષણનાં પ્રવેશ અને જાહેર નોકરીઓમાં અનામત માટે અનુસુચિત જાતિ અને જનજાતિઓનું પેટા વર્ગીકરણ મંજૂર નથી. ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડે ઐતિહાસિક પુરાવાઓનો ઉલ્લેખ કર્યો હતો અને સૂચન કર્યું હતું કે, પેટા વર્ગીકરણથી બંધારણની 14મી કલમનો ભંગ નથી થતો અને કલમ 15 અને 16 રાજ્યોને જ્ઞાતિનું પેટા વર્ગીકરતા અટકાવતી નથી. અગાઉ, 8 ફેબ્રુઆરીએ સર્વોચ્ચ અદાલતે આ કેસમાં તેનો ચૂકાદો અનામત રાખ્યો હતો.

## REV.INDIA - VIETNAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક ચાલી રહી છે. બંને પક્ષો વાતચીત બાદ ઘણા કરારો પર હસ્તાક્ષર કરી શકે છે.

શ્રીમોદીએ આજે તેમનું રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વાગત કર્યું હતું. વિયેતનામના પ્રધાનમંત્રીએ રાજઘાટ પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને પણ મળશે. ભારત વિયેતનામને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર પણ માને છે.

## HIMACHAL PRADESH CLOUDBURST

હિમાચલ પ્રદેશમાં ગઈકાલે રાત્રે ત્રણ સ્થળ પર ભારે વરસાદ અને આભ ફાટવાના કારણે મોટાપાયે નુકસાન થયાના અહેવાલ છે. અહીં પૂરના કારણે 41 લોકો ગુમ છે. શિમલા જિલ્લાના રામપુર પેટા વિભાગના ઝાખડી વિસ્તારમાં હાઈડ્રો પ્રૉજેક્ટ પાસે સમેજખાડમાં અડધી રાત્રે આભ ફાટવાના કારણે નુકસાન પહોંચ્યું હતું.

નાયબ કમિશનર અનુપમ કશ્યપે જણાવ્યું કે, રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ, કેન્દ્રીય અનામત પોલીસ દળ, ગૃહરક્ષક દળની ટુકડીએ બચાવકાર્ય શરૂ કર્યું છે.

મંડી જિલ્લાની ચૌહાર ખીણમાં પણ ભારે વરસાદથી પૂર આવતા ટિક્કનથલ્થુ ખોડમાં અનેક ઘર અસરગ્રસ્ત થયા છે. કુલ્લૂ જિલ્લામાં પાવર પ્રૉજેક્ટ–1નો બંધ તૂટી જતા ભારે નુકસાન પહોંચ્યું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે હિમાચલ પ્રદેશના મુખ્ય મંત્રી સુખવિંદર સિંહ સુખુ સાથે વાત કરીઅને રાજ્યમાં વાદળ ફાટવાને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વિશે માહિતી લીધી.

દરમ્યાન, ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થતાં 200 તીર્થયાત્રી ભીમબાલી ખાતે ફસાઈ ગયા છે. અહીં વિવિધ ઘટનામાં છ લોકોના મોત નીપજ્યા છે.  દહેરાદૂનના રાયપુર વિસ્તારમાં વરસાદ સાથે જોડાયેલી ઘટનામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે એક વ્યક્તિ નદીના પ્રવાહમાં તણાઈ ગયા હતા.

## IAF WAYANAD

કેરળના વાયનાડમાં ભૂસ્ખલન દુર્ઘટના મામલે હવે ભારતીય વાયુસેના રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – NDRF અને અન્ય સંસ્થાઓ સાથે રાહત અને બચાવકાર્યમાં જોડાઈ છે.

વાયુસેનાના સી–17વિમાનની મદદથી મેડિકલ કિટ સહિતની 53 મેટ્રિક ટન જરૂરિયાત સામાનનો જથ્થો અહીં પહોંચાડવામાં આવ્યો છે. AN-32 અને C–130 એરક્રાફ્ટ રાહત સામગ્રી અને કર્મચારીઓને લઈ જઈ રહ્યા છે. આ વિમાનની 200થી વધુ લોકોને અસરગ્રસ્ત વિસ્તારમાં અને ત્યાંથી લઈ જવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. M.I–17 અને અત્યાધુનિક ધ્રુવ હેલિકૉપ્ટર્સ માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત કામગીરી હાથ ધરવા સામેલ કરાયા છે.

## NEET UG

કાઉન્સેલિંગ MBBS, BDS, BHMS, BAMS, જેવા મેડિકલ અભ્યાસક્રમો માટે લેવાયેલી નીટ-યુજી માટેનું કાઉન્સેલિંગ 14 ઓગસ્ટથી શરૂ થશે. નેશનલ મેડિકલ કાઉન્સિલના સચિવ બી શ્રીનિવાસે જણાવ્યું કે, કાઉન્સેલિંગની પ્રક્રિયા બે મહિના સુધી ચાલુ રહેશે. ચાર તબક્કામાં કાઉન્સેલિંગ યોજવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ઉપલબ્ધ ડેટા અનુસાર કાઉન્સેલિંગ કરવામાં આવશે.

શ્રીનિવાસે જણાવ્યું કે, દેશભરની લગભગ 710 મેડિકલ કોલેજોમાં લગભગ 1 લાખ 10 હજાર MBBS બેઠકોની ફાળવણી માટે કાઉન્સેલિંગ થશે. આ ઉપરાંત, આયુષ અને નર્સિંગની બેઠકો અને BDSની 21 હજાર બેઠકો માટે પણ કાઉન્સેલિંગ કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## IT RETURN

દેશમાં વર્ષ 2024-25 માટે અત્યાર સુધીમાં સાત કરોડથી વધુ લોકોએ ઇન્કમટેક્સ રિટર્ન ભર્યું છે. આમાંથી ગઈકાલે સાંજે સાત વાગ્યા સુધીમાં 50 લાખથી વધુ ITR દાખલ કરાયા છે. કરવેરા વિભાગે બુધવારે સામાજિક માધ્યમના એક સંદેશમાં આ માહિતી આપી હતી.

વિભાગે કહ્યું કે, ITR દાખલ કરવા, કર ચૂકવણી અને અન્ય સંબંધિત સેવાઓ માટે કરદાતાઓની મદદ કરવા માટે અમારું હેલ્પડેસ્ક 24x7ના આધારે કામ કરી રહ્યું છે. તેમ જ અમે કૉલ, લાઈવ ચેટ, વેબએક્સ સેશન અને એક્સના માધ્યમથી

સહાયતા પૂરી પાડી રહ્યા છીએ. કરવેરા વિભાગે પોતાના લક્ષ્યાંક સુધી પહોંચવામાં મદદ કરનારા કરદાતાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

## PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિકમાં ભારતનાં મુક્કેબાજ લવલિના બોર્ગોહેઇને મહિલાઓના 75 કિલો વજન વર્ગમાં 16મા રાઉન્ડમાં હોફ્સ્ટાડ સુન્નિવા સામે સરળ વિજય મેળવ્યો હતો. અન્ય બોક્સર નિશાંત દેવ પણ બોક્સિંગમાં 71 કિલો વજન વર્ગમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં છે. ભારતનાં ટેબલ ટેનિસ ખેલાડી શ્રીજા અકુલા પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંકિત ચીનનાં સુન યિંગ્શા સામે હારી ગયાં છે.

ભારતીય ખેલાડીઓ આજે નિશાનેબાજી, રાઇફલ, બેડમિન્ટન, રેસ વોક, હોકી સહિતની રમતોમાં ભાગ લેશે. નિશાનેબાજ સ્વપ્નિલ કુસાલે પુરુષો માટેની 50 મીટર રાઇફલ સ્પર્ધામાં અને નિખત ઝરીન 50 કિલો બોક્સિંગ સ્પર્ધામાં એશિયન ગેમ્સનાં ચેમ્પિયન વુ યુનો સામે રમશે. મહિલાઓની 50 મીટર રાઇફલ સ્પર્ધામાં સિફ્ત કૌર સમારા અને અંજુમ મોદગિલ ક્વોલિફાઇંગ રાઉન્ડમાં ભાગ લેશે.

બેડમિન્ટનના નોકઆઉટ રાઉન્ડનો પણ આજથી પ્રારંભ થશે. પી વી સિંધુ, લક્ષ્ય સેન અને એચએસ પ્રણોય પોતપોતાની સિંગલ્સ મેચ રમશે, જ્યારે સાત્વિક સાઇરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ડબલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઇનલ રમશે. ક્વાર્ટર ફાઇનલમાં ક્વોલિફાય થયેલી ભારતની હોકી ટીમ પુલ બીની મેચમાં આજે વર્તમાન ચેમ્પિયન બેલ્જિયમ સામે રમશે. રેસ વોકર્સ અર્શદીપ સિંહ, વિકાસ અને પરમજીત સિંહ પુરુષોની 20 કિલોમીટર વોક સ્પર્ધામાં ભાગ લેશે. પેરિસ ઓલિમ્પિકમાં ભારત અત્યાર સુધી બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

## J&K: ECI

ભારતના ચૂંટણી પંચ **(ECI)** એ જમ્મુ અને કાશ્મીરમાં બહુ પ્રતિક્ષિત વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રને તેમના મૂળ

જિલ્લામાં સેવા આપતા અધિકારીઓને અથવા છેલ્લાં ચાર વર્ષમાં કોઈ ચોક્કસ જિલ્લામાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા અધિકારીઓને બદલી કરવાનો નિર્દેશ આપ્યો છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે ચૂંટણી મંડળે મુખ્ય સચિવ અને મુખ્ય ચૂંટણી અધિકારીને નિર્દેશ આપ્યો છે કે ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલા કોઈપણ અધિકારીને તે જ જિલ્લામાં કામ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં જો તેણે તેના ગૃહ જિલ્લામાં અથવા અગાઉની ચૂંટણીમાં સેવા આપી હોય.

ચાર વર્ષ દરમિયાન ત્રણ વર્ષ એક જ જિલ્લામાં કામ કર્યું હોવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે 11 ડિસેમ્બરે ચૂંટણી સંસ્થાને આ વર્ષના સપ્ટેમ્બરના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો છે.

## LS - DIG I YATRA

નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ કહ્યું છે કે દેશના 15 હવાઈમથક પર ડિજી યાત્રા લાગુ કરવામાં આવી છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતાં શ્રી નાયડુએ કહ્યું કે, ડિજી યાત્રા એરપોર્ટ પર મુસાફરોને મુશ્કેલી મુક્ત પ્રવેશ ની સુવિધા આપે છે. તેમણે કહ્યું કે, ટૂંક સમયમાં વધુ 12 એરપોર્ટ પર ડિજીયાત્રા સુવિધા શરૂ કરવામાં આવશે..

## LEBANONADVISORY

લેબેનોનની રાજધાની બેરુતમાં ભારતીય દૂતાવાસે ત્યાં રહેતા ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે લેબેનોનમાં તાજેતરનાં સંઘર્ષને જોતાં ભારતીય નાગરિકોને લેબનોનની બિન–જરૂરી મુલાકાત ન લેવાની સલાહ છે. તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, લેબેનોનમાં રહેતા તમામ

નાગરિકોને સાવચેત રહેવા, અવરજવર મર્યાદિત કરવા અને બેરુતમાં ભારતના દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ છે.